RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૦૨ તા.૨૬–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હિમાંશુ નરેન્દ્રભાઈ માસ્તર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિમાંશુ નરેન્દ્રભાઈ માસ્તરની તા. ૨૧–૧૧–૧૧ની અરજીથી ૭/૨૯૨૭, વાવશેરી,સૈયદપુરા,સુરતની બિસ્માર મિલકત ઉતારી પાડવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા કે તેનાલાગતા–વળગતા ખાતા ધ્વારા કોઈનોટીસ કે કોઈ કાર્યવાહી થયેલ છે કે કેમ ? તેની માહિતી આપશોજી ઉપરોકત મિલકત બિસ્માર હોય તેને ઉતારી પાડવા બાબતે આડોશ–પાડોશ ધ્વારા કે કોઈપણ વ્યકિત ધ્વારા કોઈ ફરીયાદ કરતી અરજી કરવામાં આવેલ છે કે કેમ ? તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૬–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૦૨/૨૦૧૧–૧૨

શ્રી હિમાંશુ નરેન્દ્રભાઈ માસ્તરની તા. ૨૧–૧૧–૧૧ની અરજીથી ૭/૨૯૨૭, વાવશેરી,સૈયદપુરા,સુરતની બિસ્માર મિલકત ઉતારી પાડવા માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા કે તેના લાગતા–વળગતા ખાતા ધ્વારા કોઈ નોટીસ કે કોઈ કાર્યવાહી થયેલ છે કે કેમ ? તેની માહિતી આપશોજી ઉપરોકત મિલકત બિસ્માર હોય તેને ઉતારી પાડવા બાબતે આડોશ–પાડોશ ધ્વારા કે કોઈપણ વ્યકિત ધ્વારા કોઈ ફરીયાદ કરતી અરજી કરવામાં આવેલ છે કે કેમ ? તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૪ તા.૬–૧–૧૨ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે મળ્યા બાદ નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ અરજદારે અપીલ તબકકા દરમ્યાન માહિતી મળે તો તે અંગે નારાજગી વ્યકત કરવા પત્ર પાઠવ્યા છતાં તેમના તરફથી પણ અપીલ તબકકા દરમ્યાન માહિતી મળેલ હોય તેવી કોઈ વિગત મળેલ નથી.

અરજદારની તા.૨૧–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે આજ દિન સુધી સમય મર્યાદા પૂર્ણ થવા છતાં માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. કયા કારણોસર માહિતી આપેલ નથી અને તે અંગે કાયદેસરના પગલા ભરવાની રજૂઆત પણ કરેલ છે. જે અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૪ તા.૬–૧–૧૨ થી પૂરક વિગતો માંગવામાં આવેલ. પરંતુ બંને પક્ષકારો તરફથી કોઈ પણ પૂરક વિગતો અત્રે પૂરી પાડેલ જણાતી નથી. કે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પાડયાનું કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૧–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી બાબત હેઠળ મિલ્કત અંગે મહાનગરપાલિકા ધ્વારા જે પણ કોઈ કાર્યવાહી થઈ હોય તેની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાંઆવે છે.

જયારે અરજદારે આજ મિલ્કત બાબતે અડોશ–પડોશ ધ્વારા કે કોઈ પણ વ્યકિત ધ્વારા કરેલ ફરીયાદ કે અરજીની માહિતી માંગેલ છે. આરટીઆઈ એકટની કલમ–૮(૧)(જી) સાથે ૮(૧)(જે) અનુક્રમે ફરીયાદ કે માહિતી આપનારનો સ્ત્રોત જાહેર કરે તેવી અથવા વ્યકિતગત સ્વરૂપ માહિતી આપવા કાયદાની જોગવાઈને આધીન ઈન્કાર થઈ શકે. જેથી આ બાબતે આવા કોઈ અપવાદ લાગુ પડે છે કે કેમ? તેની ચકાસણી કરી યોગ્ય તે નિષ્કર્ષ પર આવી અરજદારને તેનાથી અવગત કરવા અગર માહિતી જાહેર કરવા નિર્ણય હોય તો દિન–૧૫ ની અવધિમાં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને સુચિત કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હિમાંશુ નરેન્દ્રભાઈ માસ્તર,